| ફોર્મ **13614-C** (ઓક્ટોબર 2023) | Department of the Treasury - Internal Revenue Service<br>**ઇન્ટેક/ઇન્ટરવ્યુ અને ગુણવત્તા સમીક્ષા શીટ** | OMB Number 1545-1964 |
|---|---|---|

**તમારે જરૂર પડશે:**
- **ટેક્સ માહિતી જેમકે ફોર્મ્સ W-2, 1099, 1098, 1095.**
- **સોશિયલ સિક્યુરિટી કાર્ડ્સ અથવા ITIN પત્રો તમારા ટેક્સ રીટર્નમાં તમામ લોકો માટે.**
- **ફોટો ID (જેમકે ડ્રાઇવરનું માન્ય લાઇસન્સ) તમારા અને તમારા જીવનસાથી માટે.**

- **કૃપા કરીને આ ફોર્મમાં પેજ 1-4 પૂર્ણ કરો.**
- **તમારા રીટર્નમાં ઉલ્લેખ કરેલી માહિતી માટે તમે જવાબદાર છો. કૃપા કરીને સંપૂર્ણ અને સચોટ માહિતી પૂરી પાડો.**
- **જો તમને કોઇ પ્રશ્નો હોય તો, કૃપા કરીને IRS-પ્રમાણિત સ્વૈચ્છિક પ્રિપેરરને પૂછો.**

સ્વયંસેવીઓ ઉચ્ચ ગુણવત્તાની સેવાઓ પૂરી પાડવા અને સર્વોચ્ચ નૈતિક ધોરણો જાળવી રાખવા માટે તાલીમબદ્ધ હોય છે.
IRS ને અનૈતિક વર્તણુકની જાણ કરવા માટે અમને wi.voltax@irs.gov પર ઇમેલ મોકલો

**ભાગ I – તમારી વ્યક્તિગત માહિતી** (જો તમે સંયુક્ત રીટર્ન ફાઇલ કરી રહ્યાં હોવ તો, તમારાં નામ ગયા વર્ષના રીટર્નના ક્રમ પ્રમાણે જ દાખલ કરો)

| | | | | |
|---|---|---|---|---|
| 1. તમારું પ્રથમ નામ | મધ્ય નામ | છેલ્લું નામ | શ્રેષ્ઠ સંપર્ક નંબર | તમે યુ.એસ.ના નાગરિક છો? ☐ હા ☐ ના |
| 2. તમારા જીવનસાથીનું પ્રથમ નામ | મધ્ય નામ | છેલ્લું નામ | શ્રેષ્ઠ સંપર્ક નંબર | તમારા જીવનસાથી યુ.એસ.ના નાગરિક છે? ☐ હા ☐ ના |

| | | | | |
|---|---|---|---|---|
| 3. પત્રવ્યવહારનું સરનામું | પસંદ કરો # | શહેર | રાજ્ય | ઝિપ કોડ |

| | | |
|---|---|---|
| 4. તમારી જન્મતારીખ | 5. તમારી નોકરીનું શીર્ષક | 6. ગયા વર્ષે,જ્યાં તમે હતા:<br>a. પૂર્ણ-કાલિન વિદ્યાર્થી ☐ હા ☐ ના<br>b. સંપૂર્ણ અને કાયમી વિકલાંગ ☐ હા ☐ ના<br>c. કાયદેસર પ્રજ્ઞાચક્ષુ ☐ હા ☐ ના |
| 7. તમારા જીવનસાથીની જન્મતારીખ | 8. તમારા જીવનસાથીની નોકરીનું શીર્ષક | 9. ગયા વર્ષે, જ્યાં તમારા જીવનસાથી હતા:<br>a. પૂર્ણ-કાલિન વિદ્યાર્થી ☐ હા ☐ ના<br>b. સંપૂર્ણ અને કાયમી વિકલાંગ ☐ હા ☐ ના<br>c. કાયદેસર પ્રજ્ઞાચક્ષુ ☐ હા ☐ ના |

10. શું કોઇ તમને અથવા તમારા જીવનસાથીને આશ્રિત તરીકે હોવાનો દાવો કરી શકે છે? ☐ હા ☐ ના ☐ ખાતરી નથી

11. શું તમે, તમારા જીવનસાથી, અથવા આશ્રિતો ટેક્સ સંબંધિત ઓળખની ચોરીના ભોગ બન્યા છો અથવા ઓળખ સુરક્ષા PIN ઇશ્યુ કર્યો છે? ☐ હા ☐ ના

12. ઈમેલ એડ્રેસ પ્રદાન કરો (વૈકલ્પિક) (આ ઈમેલ એડ્રેસનો ઉપયોગ આંતરિક રેવેન્યૂ સેવાના સંપર્કો માટે કરવામાં આવશે નહીં)

**ભાગ II – લગ્નની સ્થિતિ અને પારિવારિક માહિતી**

1. 31 ડિસેમ્બર, 2023ના રોજની સ્થિતિ અનુસાર, તમારા લગ્નની સ્થિતિ શું હતી?

☐ ક્યારેય લગ્ન કર્યા નથી (આમાં નોંધાયેલ ઘરેલુ ભાગીદારી, નાગરિક સંઘો અથવા અન્ય રાજ્યના કાયદા અંતર્ગત અન્ય ઔપચારિક સંબંધો સામેલ છે)

☐ પરિણીત
- a. જો હા તો, શું તમે 2023માં લગ્ન કર્યાં છે? ☐ હા ☐ ના
- b. શું તમે 2023ના છેલ્લા છ મહિનાના કોઇપણ હિસ્સામાં તમારા જીવનસાથી જોડે રહ્યાં છો? ☐ હા ☐ ના

☐ છુટાછેડા — અંતિમ હુકમનામાની તારીખ ____________

☐ કાયદેસર અલગ થયેલ — અલગ જાળવણી હુકમનામાની તારીખ ____________

☐ વિધવા — જીવનસાથીના મૃત્યુનું વર્ષ ____________

2. નીચે ઉલ્લેખ કરેલા નામો આમના છે:
- **દરેક વ્યક્તિ** જે તમારી સાથે ગત વર્ષમાં રહી હોય (તમારા જીવનસાથી સિવાય)
- **કોઇપણ વ્યક્તિ** જેમને ગત વર્ષમાં તમે સહકાર આપ્યો હોય પરંતુ સાથે રહી ના હોય

જો વધારાની જગ્યાની જરૂર હોય તો, અહીં ચેક કરો ☐ અને પેજ 3 પર યાદી આપો

| | | | | | | | | | પ્રમાણિત સ્વયંસેવી પ્રિપેપર દ્વારા ભરવાનું રહેશે | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નામ (પ્રથમ, છેલ્લું) તમારું નામ અથવા તમારા જીવનસાથીનું નામ નીચે દાખલ કરશો નહીં (a) | જન્મતારીખ (mm/dd/yy) (b) | તમારી સાથે સંબંધ (જેમકે: પુત્ર, પુત્રી, માતા-પિતા, કોઇ નહીં વગેરે) (c) | ગયા વર્ષે તમારા ઘરમાં કેટલા મહિના રહ્યાં તે મહિનાની સંખ્યા (d) | યુ.એસ.ના નાગરિક (હા/ના) (e) | ગત વર્ષમાં યુ. એસ., કેનેડા, અથવા મેક્સિકોના રહેવાસી (હા/ના) (f) | 12/31/2023 ના રોજની સ્થિતિ અનુસાર સિંગલ અથવા પરિણીત (S/M) (g) | ગત વર્ષમાં પૂર્ણ-કાલિન વિદ્યાર્થી (હા/ના) (h) | સંપૂર્ણ અને કાયમી વિકલાંગ (હા/ના) (i) | શું આ વ્યક્તિ કોઈ અન્ય વ્યક્તિના ક્વોલિફાઇંગ સંતાન/સંબંધી છે? (હા/ના) | શું આ વ્યક્તિએ તેનો/તેણીનો પોતાનો 50%થી વધારે સહકાર આપ્યો છે? (હા,ના,n/a) | શું આ વ્યક્તિ $4,700 કરતાં ઓછી આવક ધરાવે છે? (હા,ના,n/a) | શું કરદાતા(ઓ)એ આ વ્યક્તિને 50% કરતાં વધારે સહકાર આપ્યો છે? (હા,ના,n/a) | શું કરદાતા(ઓ)એ આ વ્યક્તિના ઘરની જાળવણી માટે અડધા કરતાં વધારે ખર્ચની ચુકવણી કરી છે? (હા/ના) |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |

**દરેક વિભાગમાં પ્રત્યેક પ્રશ્ન માટે યોગ્ય બોક્સ ચેક કરો**

| હા | ના | ખાતરી નથી | ભાગ III – આવક – ગત વર્ષે, શું તમે (તમારા જીવનસાથીએ) પ્રાપ્ત કરેલ છે |
|---|---|---|---|
| ☐ | ☐ | ☐ | 1. (B) વેતન અથવા પગાર? (ફોર્મ W-2) **જો હા તો, તમે ગત વર્ષમાં કેટલી નોકરી કરી?** ______ |
| ☐ | ☐ | ☐ | 2. (A) ટીપની આવક? |
| ☐ | ☐ | ☐ | 3. (B) શિષ્યવૃત્તિઓ? (ફોર્મ W-2, 1098-T) |
| ☐ | ☐ | ☐ | 4. (B) વ્યાજ/ડિવિડન્ડ: ચેકિંગ/સેવિંગ્સ એકાઉન્ટ્સ, બોન્ડ્સ, CD, બ્રોકરેજ માંથી? (ફોર્મ્સ 1099-INT, 1099-DIV) |
| ☐ | ☐ | ☐ | 5. (B) રાજ્ય/સ્થાનિક આવકવેરાનું રિફંડ? (ફોર્મ 1099-G) |
| ☐ | ☐ | ☐ | 6. (B) ખાધાખોરાકીની આવક અથવા અલગ ભરણપોષણની ચુકવણીઓ? |
| ☐ | ☐ | ☐ | 7. (A) સ્વ-રોજગારની આવક? (ફોર્મ 1099-MISC, 1099-NEC, 1099-K, રોકડ, ડિજિટલ અસ્કયામતો અથવા અન્ય મિલકત અથવા સેવા) |
| ☐ | ☐ | ☐ | 8. (A) રોકડ/ચેક/ડિજિટલ અસ્કયામતોમાં ચુકવણીઓ, અથવા અન્ય મિલકત અથવા સેવાઓ જે કોઇપણ કરેલા કામ માટે પ્રાપ્ત કરેલ હોય જેને ફોર્મ W-2 અથવા 1099માં ઉલ્લેખ ના કર્યો હોય? |
| ☐ | ☐ | ☐ | 9. (A) સ્ટોક્સ, બોન્ડ, ડિજિટલ અસ્કયામતો અથવા રીઅલ એસ્ટેટના વેચાણ અથવા એક્સચેન્જ દ્વારા મેળવેલ આવક (અથવા) નુકસાન? (તમારા ઘર સહિત) (ફોર્મ્સ 1099-S,1099-B) |
| ☐ | ☐ | ☐ | 10. (B) વિકલાંગતાની આવક? (જેમકે, ઇન્શ્યોરન્સમાંથી આવક કામદાર વળતર) (ફોર્મ્સ 1099-R, W-2) |
| ☐ | ☐ | ☐ | 11. (A) નિવૃત્તિની આવક અથવા પેન્શનમાંથી ચુકવણીઓ. વાર્ષિકી, અને અથવા IRA? (ફોર્મ 1099-R) |
| ☐ | ☐ | ☐ | 12. (B) બેરોજગારી વળતર? (ફોર્મ 1099-G) |
| ☐ | ☐ | ☐ | 13. (B) સોશિયલ સિક્યુરિટી અથવા રેલ-રોડ નિવૃત્તિના લાભો? (ફોર્મ્સ SSA-1099, RRB-1099) |
| ☐ | ☐ | ☐ | 14. (M) ભાડાની મિલકતમાંથી આવક (નુકસાન)? |
| ☐ | ☐ | ☐ | 15. (B) અન્ય આવક? (જુગાર, લોટરી, ઈનામ, પુરસ્કારો, જ્યૂરી ડ્યૂટી, ડિજિટલ અસ્કયામતો Sch K-1, રોયલ્ટી, વિદેશમાંથી આવક વગેરે) |

| હા | ના | ખાતરી નથી | ભાગ IV – ખર્ચા – ગત વર્ષમાં, તમે (તમારા જીવનસાથીએ) ચુકવણી કરી છે |
|---|---|---|---|
| ☐ | ☐ | ☐ | 1. (B) ખાધાખોરાકી અથવા અલગ ભરણપોષણની ચુકવણીઓ? જો હા તો, તમારી પાસે પ્રાપ્તકર્તાનો SSN છે? ☐ હા ☐ ના |
| ☐ | ☐ | ☐ | 2. નિવૃત્તિ એકાઉન્ટમાં યોગદાન અથવા પરત ચુકવણીઓ? ☐ IRA (A) ☐ રોથ IRA (B) ☐ 401K (B) ☐ અન્ય |
| ☐ | ☐ | ☐ | 3. (B) કોલેજ અથવા માધ્યમિક પછીના શિક્ષણ માટેના તમારા પોતાના, જીવનસાથીના અથવા આશ્રિતોના ખર્ચા? (ફોર્મ 1098-T) |
| ☐ | ☐ | ☐ | 4. નીચેનામાંથી કોઇપણ? ☐ (A) મેડિકલ અને ડેન્ટલ (વીમાના પ્રીમિયમ સહિત) ☐ (A) મોર્ગેજનું વ્યાજ (ફોર્મ 1098) ☐ (A) કરવેરા (રાજ્ય, રીઅલ એસ્ટેટ, અંગત મિલકત, સેલ્સ) ☐ (B) ચેરિટેબલ યોગદાન |
| ☐ | ☐ | ☐ | 5. (B) બાળક અથવા આ□શ્રતની સંભાળના ખચર્ જેમકે ડે-કેર? |
| ☐ | ☐ | ☐ | 6. (B) લાયક શિક્ષણ આપનાર તરીકે ઉપયોગમાં લીધેલ પુરવઠા માટે કરેલ ખર્ચ જેમકે, શિક્ષક, શિક્ષકના સાથી, સલાહકાર વગેરે તરીકે? |
| ☐ | ☐ | ☐ | 7. (A) સ્વ-રોજગારીની આવક અથવા તમે પ્રાપ્ત કરેલી અન્ય આવક સંબંધિત ખર્ચ? |
| ☐ | ☐ | ☐ | 8. (B) સ્ટુડન્ટ લોન પરનું વ્યાજ? (ફોર્મ 1098-E) |

| હા | ના | ખાતરી નથી | ભાગ V – જીવન સંબંધિત ઘટનાઓ – ગત વર્ષમાં, તમે (તમારા જીવનસાથી) |
|---|---|---|---|
| ☐ | ☐ | ☐ | 1. (A) હેલ્થ સેવિંગ્સ એકાઉન્ટ ધરાવો છે? (ફોર્મ્સ 5498-SA, 1099-SA, બોક્સ 12માં કોડ W સાથે W-2) |
| ☐ | ☐ | ☐ | 2. (A) ધીરાણ આપનાર દ્વારા ક્રેડિટ કાર્ડ, સ્ટુડન્ટ લોન અથવા મોર્ગેજ ડેબ્ટ રદ કરેલ/માફ કરેલ છે અથવા હોમ ફોરક્લોઝર કરેલ છે? (ફોર્મ્સ 1099-C, 1099-A) |
| ☐ | ☐ | ☐ | 3. (A) બાળક દત્તક લીધું? |
| ☐ | ☐ | ☐ | 4. (B) અગાઉ વર્ષમાં નામંજૂર થયેલ આવક ક્રેડિટ, બાળ ટેક્સ ક્રેડિટ અથવા અમેરિકન ઓપોર્ચ્યુનિટી ક્રેડિટ મેળવી છે? જો હા તો, કયા ટેક્સ વર્ષ માટે? ______ |
| ☐ | ☐ | ☐ | 5. (A) ઉર્જા કાર્યદક્ષ ઘરની ચીજો ખરીદી અને લગાવી છે? (જેમકે, બારીઓ, ભઠ્ઠી, ઇન્સ્યુલેશન વગેરે) |
| ☐ | ☐ | ☐ | 6. (A) 2008માં પ્રથમ વખત ઘર ખરીદનાર ક્રેડિટ પ્રાપ્ત કરી છે? |
| ☐ | ☐ | ☐ | 7. (B) અંદાજિત ટેક્સ ચુકવણી કરી છે અથવા આ વર્ષના ટેક્સમાં ગયા વર્ષના રીફંડની અરજી કરી છે? જો કરી હોય તો કેટલી રકમ? ______ |
| ☐ | ☐ | ☐ | 8. (A) ગયા વર્ષે ફોર્મ 1040 શેડ્યૂલ D પર “કેપિટલ લોસ કેરીઓવર” સામેલ હોય તેવું ફેડરલ રીટર્ન ફાઇલ કર્યું છે? |
| ☐ | ☐ | ☐ | 9. (A) માર્કેટપ્લેસ (એક્સચેન્જ) મારફતે હેલ્થ કવરેજ છે? [ફોર્મ 1095-A પૂરું પાડો] |

**તમારું રીટર્ન તૈયાર કરવા અંગેની વધારાની માહિતી અને પ્રશ્નો**

1. શું તમે અંગ્રેજી સિવાયની ભાષામાં IRS પાસેથી લેખિત સંદેશાવ્યવહાર પ્રાપ્ત કરવા માંગો છો? ☐ હા ☐ ના જો હા તો, કઇ ભાષા? ________

2. પ્રેસિડેન્શિઅલ ઇલેક્શન કેમ્પેઇન ફંડ (જો તમે બોક્સ ચેક કરો તો, તમારો ટેક્સ અથવા રીફંડ બદલાશે નહીં)

   જો તમે અથવા તમારા જીવનસાથી સંયુક્ત રીતે ફાઇલ કરી રહ્યાં હોવ તો, આ ફંડમાં $3 મોકલવા માંગતા હોવ તો, અહીં ચેક કરો ☐ તમે ☐ જીવનસાથી

3. જો તમારું રીફંડ બાકી હોય તો, તમે ઇચ્છશો કે:

   a. સીધુ જમા થાય ☐ હા ☐ ના

   b. યુ.એસ સેવિંગ્સ બોન્ડ્સ ખરીદશો ☐ હા ☐ ના

   c. તમારું રીફંડ વિવિધ એકાઉન્ટ્સમાં વિભાજિત કરશો ☐ હા ☐ ના

4. જો તમારી પાસે બાકી બેલેન્સ રહ્યું હોય તો, તમારા બેન્ક એકાઉન્ટમાંથી સીધી જ ચુકવણી કરવા માંગશો? ☐ હા ☐ ના

5. તમે એવા વિસ્તારમાં રહો છો જેને ફેડરલ ડિઝાસ્ટર વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો હોય? ☐ હા ☐ ના જો હા તો, ક્યાં? ________

6. તમે અથવા તમારા જીવનસાથી જો સંયુક્ત ફાઇલિંગ કરી રહ્યાં હોવ તો, કોઇએ પણ IRS તરફથી પત્ર મેળવ્યો છે? ☐ હા ☐ ના

7. કેવી રીતે મત આપવો અને/અથવા મત માટે કેવી રીતે નોંધણી કરાવવી તેની માહિતી તમે મેળવવા માંગો છો? ☐ હા ☐ ના

**સંખ્યાબંધ મફત ટેક્સ તૈયારી સાઇટ્સ અનુદાન નાણાં મેળવીને અથવા અન્ય ફેડરલ નાણાકીય સહાય મેળવીને ચાલે છે. નીચેના પ્રશ્નોમાંથી ડેટા આવી વેબસાઇટ્સ દ્વારા આ અનુદાન માટે અરજી કરવા અથવા નાણાકીય ભંડોળ એકધારું મેળવવાનું ચાલુ રાખવામાં સહાયતા માટે ઉપયોગમાં લેવામાં આવ્યા હોઇ શકે છે. તમારા જવાબનો ઉપયોગ ફક્ત આંકડાકીય ઉદ્દેશ માટે કરવામાં આવશે. આ પ્રશ્નો વૈકલ્પિ છે.**

8. તમે જણાવશો કે, તમે અંગ્રેજીમાં સંવાદ, જેમાં સમજવા અને બોલવાનું બંને સામેલ છે, ચાલુ રાખી શકશો? ☐ ઘણી સારી રીતે ☐ સારી રીતે ☐ સારી રીતે નહીં ☐ જરાય નહીં ☐ જવાબ ના આપવાનું પસંદ કરો

9. તમે જણાવશો કે, તમે અંગ્રેજીમાં સમાચાર પત્ર અથવા પુસ્તક વાંચી શકો છો? ☐ ઘણી સારી રીતે ☐ સારી રીતે ☐ સારી રીતે નહીં ☐ જરાય નહીં ☐ જવાબ ના આપવાનું પસંદ કરો

10. તમે અથવા તમારા પરિવારના કોઇ સભ્ય વિકલાંગ છે? ☐ હા ☐ ના ☐ જવાબ ના આપવાનું પસંદ કરો

11. તમે અથવા તમારા જીવનસાથી યુ.એસ. સશસ્ત્રદળોમાંથી નિવૃત્ત વ્યક્તિ છો? ☐ હા ☐ ના ☐ જવાબ ના આપવાનું પસંદ કરો

12. તમારી જાતિ?

☐ અમેરિકન ભારતીય અથવા અલાસ્કાના વતની ☐ એશિયન ☐ અશ્વેત અથવા આફ્રિકન અમેરિકન ☐ હવાઇના વતની અથવા અન્ય પ્રશાંત ટાપુઓના વતની ☐ શ્વેત ☐ જવાબ ના આપવાનું પસંદ કરો

13. તમારા જીવનસાથીની જાતિ?

☐ અમેરિકન ભારતીય અથવા અલાસ્કાના વતની ☐ એશિયન ☐ અશ્વેત અથવા આફ્રિકન અમેરિકન ☐ હવાઇના વતની અથવા અન્ય પ્રશાંત ટાપુઓના વતની ☐ શ્વેત ☐ જવાબ ના આપવાનું પસંદ કરો

☐ જીવનસાથી નથી

14. તમારી વંશીયતા? ☐ હિસ્પેનિક અથવા લેટિનો ☐ બિન હિસ્પેનિક અથવા લેટિનો ☐ જવાબ ના આપવાનું પસંદ કરો

15. તમારા જીવનસાથીની વંશીયતા? ☐ હિસ્પેનિક અથવા લેટિનો ☐ બિન હિસ્પેનિક અથવા લેટિનો ☐ જવાબ ના આપવાનું પસંદ કરો ☐ જીવનસાથી નથી

વધારાની ટિપ્પણીઓ

________

________

________

________

________

________

**ગોપનીયતા એક્ટ અને પેપરવર્ક રિડક્શન એક્ટ નોટિસ**

1974ના ગોપનીયતા એક્ટમાં જરૂરી છે કે, જ્યારે અમે માહિતી માટે પૂછીએ ત્યારે અમે તમને અમારા માહિતી પૂછવાના કાયદેસરના અધિકારો અંગે જાણ કરીશું, શા માટે અમે તે પૂછી રહ્યાં છીએ અને કેવી રીતે તેનો ઉપયોગ કરીશું તે જણાવીશું. અમારે તમને એ પણ જણાવવું આવશ્યક છે કે, જો અમને તે પ્રાપ્ત ના થાય તો શું થઇ શકે છે, અને તમારો પ્રતિભાવ સ્વૈચ્છિક છે અથવા લાભ મેળવવા માટે તે જરૂરી છે અથવા મેળવવો ફરજિયાત છે તે પણ અમારે તમને જણાવવું જોઇએ. માહિતી પૂછવાનો અમારો કાયદેસર અધિકાર 5 U.S.C. 301 છે. IRS સ્વૈચ્છિક આવકવેરાની તૈયારી અને આઉટરીચ કાર્યક્રમોમાં તમારી રુચિ અને/અથવા ભાગીદારીના સંબંધમાં તમારો સંપર્ક કરવામાં અમારી સહાયતા માટે અમે આ માહિતી પૂછી રહ્યાં છીએ. તમે પૂરી પાડો છો તે માહિતી અન્ય લોકો કે જેઓ સ્વૈચ્છિક રીટર્ન તૈયારીની સાઇટ્સ અથવા આઉટરીચ પ્રવૃત્તિઓમાં અને સ્ટાફ રાખવાની કામગીરીમાં સંકલન કરે છે તેમને પણ આપવામાં આવી શકે છે. અસરકારક નિયંત્રણો સ્થાપિત કરવા, સંદેશાવ્યવહાર મોકલવા અને સ્વયંસેવીઓને ઓળખવા માટે પણ માહિતીનો ઉપયોગ થઇ શકે છે. તમારા પ્રતિભાવો સ્વૈચ્છિક છે. જોકે, જો તમે વિનંતી કરેલી માહિતી પૂરી ના પાડો તો, IRS આ કાર્યક્રમોમાં તમારી સહાયતાનો ઉપયોગ કરવા સમર્થ ના રહે તેવી શક્યતા છે. પેપરવર્ક રિડક્શન એક્ટમાં જરૂરી છે કે, IRS તમામ સાર્વજનિક માહિતી વિનંતીઓ પર OMB કંટ્રોલ નંબર પ્રદર્શિત કરે. આ અભ્યાસ માટે OMB નિયંત્રણ નંબર 1545-1964 છે. તેમજ, જો આ અભ્યાસ સાથે સંકળાયેલ સમયના અનુમાનના સંદર્ભમાં તમારી કોઇપણ ટિપ્પણી હોય અથવા આ પ્રક્રિયાને સરળ, બનાવવા માટે તમારું કોઇ સૂચન હોય તો, કૃપા કરીને આંતરિક રેવેન્યૂ સેવા, ટેક્સ પ્રોડક્ટ્સ સંકલન સમિતિ SE:W:CAR:MP:T:T:SP, 1111 બંધારણ એવેન્યુ, NW, વૉશિંગ્ટન, DC 20224 ને લખી મોકલો.

ફોર્મ **15080** (ઓક્ટોબર 2023)

Department of the Treasury - Internal Revenue Service

# કરવેરા રિટર્ન માહિતી VITA/TCE કરવેરા તૈયારી સાઇટ્સ સમક્ષ જાહેર કરવા માટેની સંમતિ

**સંઘીય ઘોષણા:**
સંઘીય કાયદા અનુસાર આ ફોર્મ તમને પ્રદાન કરવું જરૂરી છે. કાયદા દ્વારા અધિકૃતતા આપવામાં ના આવે ત્યાં સુધી, અમે તમારી સંમતિ વગર તમારા કરવેરા રિટર્નને તૈયાર કરવા અને ફાઇલ કરવા સિવાયના અન્ય ઉદ્દેશોથી તમારા કરવેરા રિટર્નની માહિતી તૃતીય પક્ષ સમક્ષ જાહેર કરી શકતા નથી. જો તમે તમારા કરવેરા રિટર્નની માહિતી જાહેર કરવાની સંમતિ આપો તો, સંઘીય કાયદો તમારા કરવેરા રિટર્નની માહિતીના આગળ ઉપયોગ અથવા વિતરણ સામે રક્ષણ ના પણ આપી શકે.

અમારી કરવેરા રિટર્ન તૈયાર કરવાની સેવાઓમાં જોડાવા માટે તમારે આ ફોર્મ પૂરું કરવું જરૂરી નથી. જો અમે અમારી કરવેરા રિટર્ન તૈયાર કરવાની સેવાઓની શરત રાખીને તમારી સંમતિ સાથે આ ફોર્મ પર તમારી સહી મેળવીએ તો, તમારી સંમતિ માન્ય ગણવામાં આવશે નહીં. જો તમે તમારા કરવેરા રિટર્નની માહિતીને જાહેર કરવા માટે સંમત હોવ તો, તમે દર્શાવેલા સમયગાળા સુધી તમારી સંમતિ માન્ય ગણાય છે. જો તમારી સંમતિનો સમયગાળો નિર્દિષ્ટ કરવામાં આવ્યો ના હોય તો, તમારી સંમતિ સહી કરવામાં આવે તે તારીખથી એક વર્ષ સુધી માન્ય ગણાય છે.

**શરતો:**
ડેટાના ગ્લોબલ કૅરી ફોરવર્ડથી, ટેક્સસ્લેયર LLC, કે જેઓ VITA/TCE કરવેરા સૉફ્ટવેરના પ્રદાતા છે, તેઓ તમારા કરવેરાના રિટર્નની માહિતી, તમે આગામી ફાઇલિંગના સત્રમાં કરવેરા રિટર્ન તૈયાર કરવા માટે પસંદ કરો છો તે IRSના VITA/TCE પ્રોગ્રામમમાં ભાગ લઇ રહેલી કોઇપણ સ્વૈચ્છિક સાઇટને ઉપલબ્ધ કરાવી શકશે. આનો અર્થ એવો થાય કે, તમે ટેક્સસ્લેયરનો ઉપયોગ કરીને આવતા વર્ષે કોઇપણ સ્વૈચ્છિક સાઇટની મુલાકાત લઇ શકશો અને આ વર્ષે તમે ક્યાં તમારું કરવેરા રિટર્ન ફાઇલ કર્યું તેને ધ્યાનમાં લીધા વગર, તમારા વર્તમાન વર્ષના ડેટા ભરેલું તમારું કરવેરા રિટર્ન તમને મળશે. આ સામગ્રી 30 નવેમ્બર 2025 સુધી માન્ય છે.

કરવેરા રિટર્નની જે માહિતી જાહેર કરવામાં આવશે તેમાં, તમારી ડેમોગ્રાફિક અને નાણાકીય અને અન્ય વ્યક્તિગત રીતે ઓળખપાત્ર માહિતી, તમારા વિશે, તમારા કરવેરાનું રિટર્ન અને આવકના સ્રોત કે જેને તમારું કરવેરાનું રિટર્ન તૈયાર કરવાના ઉદ્દેશથી કરવેરો તૈયાર કરવાના સૉફ્ટવેરમાં દાખલ કરવામાં આવી હોય તેને જાહેર કરવામાં આવશે, પરંતુ આટલા સુધી તે મર્યાદિત નથી. આ માહિતીમાં તમારું નામ, સરનામું, જન્મતારીખ, ફોન નંબર, SSN, ફાઇલિંગની સ્થિતિ, રોજગાર, નોકરીદાતાનું નામ અને સરનામું, આવકની રકમ અને સ્રોતો, કપાત અને જેનો દાવો કરવામાં આવ્યો હોય અથવા તમારા કરવેરાના રિટર્નમાં સમાવેલ હોય તેવી ક્રેડિટ સામેલ હોય છે. જેને જાહેર કરવામાં આવશે તેવી કરવેરા રિટર્નની માહિતીમાં નામ, SSN, જન્મતારીખ અને તમારા કરવેરા રિટર્નમાં દાવો કરવામાં આવ્યો હોય તેવા કોઇપણ આશ્રિતો સાથે સંબંધની વિગતો સામેલ છે.

તમારે આ વર્ષે તમારું કરવેરાનું રિટર્ન તૈયાર કરવા માટે VITA/TCE ભાગીદારને તમારી સંમતિ આપવાની જરૂર નથી. ગ્લોબલ કૅરી ફોરવર્ડ જો તમે આવતા વર્ષે ટેક્સસ્લેયરનો ઉપયોગ કરી રહેલા અલગ VITA અથવા TCE ભાગીદારીની મુલાકાત લો, તો જ મદદ કરશે. તમને આ ફોર્મની સહી કરેલી નકલ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

**સંમતિના સમયગાળા પર મર્યાદા:** હું/અમે, કરદાતા, ઉપર ઉલ્લેખ કરવામાં આવેલી (30 નવેમ્બર 2025) કરતાં વહેલી તારીખ સુધી કરવેરાના રિટર્નની માહિતી જાહેર કરવાની સંમતિના સમયગાળાને મર્યાદિત કરવા ઇચ્છુક નથી. જો હું/અમે માહિતી જાહેર કરવાની સંમતિના સમયગાળાને વહેલી તારીખ સુધી મર્યાદિત કરવા ઇચ્છુ/ઇચ્છીએ તો, હું/અમે સંમતિનો ઇનકાર કરીશ/કરીશું.

**જાહેર કરવાના અવકાશ પર મર્યાદા:** હું/અમે, કરદાતા, ઉપરોક્ત રજૂ કરવામાં આવ્યા કરતા વધારે કરવેરાના રિટર્નની માહિતીને જાહેર કરવાના અવકાશને મર્યાદિત કરવા ઇચ્છુક નથી. જો હું/અમે ઉપરોક્ત રજૂ કરવામાં આવ્યા કરતાં વધારે કરવેરાના રિટર્નની માહિતી જાહેર કરવાના અવકાશને મર્યાદિત કરવા ઇચ્છુ/ઇચ્છીએ તો, હું/અમે સંમતિનો ઇનકાર કરીશ/કરીશું.

**સંમતિ:**
મેં/અમે, કરદાતા, ઉપરોક્ત માહિતી વાંચી છે.

અહીં હું/અમે ઉપર ગ્લોબલ કૅરી ફોરવર્ડની શરતોમાં વર્ણન કરવામાં આવેલી કરવેરાના રિટર્નની માહિતીને જાહેર કરવાની સંમતિ આપુ છુ/આપીએ છીએ અને આ ઘોષણાની શરતોને હું/અમે સંમતિ આપુ છુ/આપીએ છીએ તેની ચકાસણી કરવા માટે કરવેરા તૈયાર કરવાના સૉફ્ટવેરમાં મારા વતી PIN દાખલ કરવાની કરવેરા રિટર્ન તૈયાર કરનારને અનુમતિ આપુ છુ/આપીએ છીએ.

| | |
|---|---|
| પ્રાથમિક કરદાતાનું છાપેલું નામ અને સહી | તારીખ |
| દ્વિતિય કરદાતાનું છાપેલું નામ અને સહી | તારીખ |

જો તમને લાગતુ હોય કે, તમારા કરવેરાના રિટર્નની માહિતી કાયદા દ્વારા બિનઅધિકૃત રીતે અથવા તમારી પરવાનગી વગર જાહેર કરવામાં આવી છે અથવા અયોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં આવી છે તો, તમે 1-800-366-4484 ટેલિફોન નંબર દ્વારા અથવા https://www.tigta.gov/reportcrime-misconduct પર ઈમેલ દ્વારા ટ્રેઝરી ઇન્સ્પેક્ટર જનરલ ફોર ટેક્સ એડમિનિસ્ટ્રેશન (TIGTA)નો સંપર્ક કરી શકો છો.